પેટ્રોલમાં લીટરે રૂપિયા ૭.૫૦નો વધારો

નવી દિલ્હી,તા.૨૩

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા લોકો પર આજે કમરતોડ ભાવ વધારો ઝીંકવામા આવતા લોકોમાં નારાજગીનો મોજુ ફરી વળ્યુ છે. ઓઇલ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં તાત્કાલિક ધોરણે અમલી બને તે રીતે લિટરદીઠ રૂપિયા ૭.૫૦નો વધારો કરી દીધો છે. પેટ્રોલની કિમંતમાં વધારો થતા અન્ય ચીજ વસ્તુની કિંમતમાં પણ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. એલપીજી અને ડીઝલની કિંમતમાં પણ ટુંક સમયમાં વધારો ઝીંકવામા આવે તેવા સંકેત મળી રહ્યા છે. ડોલર સામે રૂપિયો સતત ગગડી રહ્યો છે જેથી ઓઇલ આયાત બિલ રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી રહ્યુ છે. ગઈકાલે જ ભાવ વધારાના સંકેત મળી ગયા હતા કારણ કે પેટ્રોલિયમ પેદાશોની કિમતમાં તાત્કાલિક વધારો કરવા સરકારે સંકેત આપ્યો હતો. પેટ્રોલિયમ પ્રધાન એસ જયપાલ રેડ્ડીએ ગઈકાલે જ કહ્યુ હતુ કે ફ્યુઅલ કિંમતમાં તાત્કાલિક વધારો જરૂરી છે. સ્થાનિક સેલ ટેક્સ અથવા વેટ સિવાય પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા ૬.૨૮નો વધારો કરવામા આવી રહ્યો છે. પરંતુ લોકલ ટેક્સન અને વેટને ધ્યાનમાં લેવામા આવે તો આ વધારો ૭.૫૦ની આસપાસ થાય છે. આજના વધારાની સાથે દિલ્હીમાં પેટ્રોલની કિંમત વધીને ૭૩.૧૪ થઈ ગઈ છે. જ્યારે કોલકાતામાં કિંમત વધીને ૭૭.૫૩ થઈ ગઈ છે. આવી જ રીતે મુંબઈમા કિંમત વધીને ૭૮.૧૬ થઈ ગઈ છે. ચેન્નાઈમાં કિંમત વધીને

૭૭.૦૫ થઈ ગઈ છે. સરકારે જૂન ૨૦૧૦માં પેટ્રોલની કિમતને અંકુશ મુક્ત કરી હતી પરંતુ છેલ્લે ગયા વર્ષે ૪થી નવેમ્બરના દિવસે ભાવમાં વધારો કર્યો હતો. ઓઈલ કિંમતોમાં ૧૪ ટકાનો વધારો અને અમેરિકી ડોલર સામે રૂપિયામાં સાત ટકાનો ઘટાડો થયો હોવા છતાં હાલમાં કિંમતો વધારવામા આવી રહી ન હતી. પેટ્રોલિયમ પેદાશોની કિમતમા વધારો કરવા તીવ્ર દબાણ લાવવામા આવી રહ્યુ હતુ આખરે આજે સરકારે અનોપચારિક રીતે પેટ્રોલની કિમતમાં વધારો કરવાની મંજૂરી આપી હતી. ડીઝલ, કેરોસીન અને રાંધણ ગેસની કિંમતો ગયા વર્ષે જૂનમાં આવી હતી. પેટ્રોલિયમ કંપનીઓને હાલમાં ભારે નુકસાનના કારણે આખરે ભાવ વધારો કરવાની ફરજ પડી છે. અગાઉ ડાબેરી પક્ષોએ ભાવ વધારાનો જોરદાર વિરોધ કર્યો હતો અને કહ્યુ હતુ કે ભાવમાં વધારો કરાશે તો લોકો પર બિનજરૂરી બોજ વધશે. ઓઈલ આયાત બિલમાં સતત વધારો થઈ રહ્યો છે. જેથી ભાવ વધારો ઝીંકવાની ફરજ પડી છે. જો અમેરિકી ડોલર સામે રૂપિયામાં ઘટાડો જારી રહેશે તો ઓઇલ કંપનીઓને નુકસાન વાર્ષિક ૮૦૦૦ કરોડ થઈ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓઇલ કંપનીઓ પેટ્રોલ પર થઈ રહેલા નુકસાન માટે સબસિડીની માંગણી કરી રહી હતી. પહેલી ડિસેમ્બર ૨૦૧૧ બાદથી ઓઇલ માર્કેટીંગ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં કોઈ વધારો કર્યો ન હતો. પેટ્રોલિયમ પેદાશોની આંતરરાષ્ટ્રીય કિમતમા ઉલ્લખનીય વધારો થયો હતો. એક્સાઈઝ ડ્યુટીમાં ઘટોડો કરવા અથવા તો ફયુઅલ ઉપર સબસિડી આપવા માટે માંગણી કરવામા આવી રહી હતી. ઓઇલ માર્કેટીંગ કંપનીઓનું કહેવુ હતુ કે પેટ્રોલના વેચાણ ઉપર અંડર રિકવરી લિટરદીઠ ૭.૧૭ રૂપિયા હતી. ૨૦ ટકા સ્થાનિક સેલટેક્સ અથવા તો વેટને આમા ઉમેરવામા આવે તો પેટ્રોલની કિમતનો ભાવ વધારો લિટરદીઠ ૮.૬૦ થવુ જોઈતો હતો પરંતુ હાલમાં ૭.૫૦નો એકંદરે વધારો કરવામા આવ્યો છે. પેટ્રોલ ઉપર એકસાઈઝ ડ્યુટીને ઘટાડવાની પણ માંગણી કરવામા આવી હતી. છેલ્લે પેટ્રોલની કિંમતમાં પહેલી ડિસેમ્બરના દિવસે સુધારો કરવામા આવ્યો હતો એ વખતે ક્રુડની કિંમતમાં બેરલ દીઠ ૧૦૯.૩૦ ડોલર હતુ જે વધીને હવે બેલર દીઠ ૧૨૦ ડોલરથી પણ ઉપર પહોંચી ગયુ છે. છેલ્લે ઓઇલ કંપનીઓએ ૧૬મી નવેમ્બર ૨૦૧૧ના દિવસે પેટ્રોલની કિંમતમાં ઘટાડો કર્યો હતો. ઓઇલ કંપનીઓને ૨૦૧૧-૨૦૧૨માં પેટ્રોલને ખર્ચ કરતા ઓછી કિંમતે વેચવા બદલ ૪૮૫૯ કરોડનો નુકસાન થઈ રહ્યો છે. ડીઝલ, એલપીજી, અને કેરોસીનને પણ બજાર કિંમત કરતા ઓછી કિંમતે વેચવા બદલ ૧૩૮૫૪૧ કરોડનો નુકસાન થઈ રહ્ય હતુ. ઓઇલ માર્કેટીંગ કંપનીઓને વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન ૧૩૮૫૪૧ કરોડનુ મહેસુલી નુકસાન થયુ હતુ.

ડૉલર સામે રૂપિયો ૫૬ની સપાટી પર

કારોબાર દરમિયાન રૂપિયો એક વખતે ગગડીને ૫૬.૨૨ની નીચી સપાટીએ પહોંચ્યા બાદ આંશિક સુધારો

મુંબઇ,તા. ૨૩

ડોલરની સામે રૂપિયામાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. આજે કારોબાર દરમિયાન રૂપિયો ઘટીને એક વખતે ૫૬.૨૨ની નીચી સપાટીએ સ્પર્શી ગયો હતો પરંતુ કારોબારના અંતે રૂપિયો ડોલરની સામે ૫૬ની સપાટીએ રહ્યો હતો. સતત છઠ્ઠા સેશનમાં ઘટાડો થયો હતો. ડોલરની સામે રૂપિયામાં અવમુલ્યનને રોકવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં રૂપિયો સતત ગગડી રહ્યો છે. ડોલરની સામે આજે રૂપિયો ૫૬ની પ્રતિકાત્મક સપાટીથી નીચે પહોંચ્યો હતો. ડોલરની સામે રૂપિયામાં હજુ ઘટાડો થવાની શક્યતા છે. બજાર સાથે સંકળાયેલા સુત્રોએ કહ્યું છે કે રૂપિયો હજુ ઘટીને ૫૭ સુધી પહોંચી શકે છે. યુરો ઝોનમાં દેવાની કટોકટી ચાલી રહી છે. રૂપિયાની કિંમતમાં ભારે ઉથલપાથલ થતા પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. સવારે કારોબારની શરૂઆત થયા બાદ રૂપિયો ઘટીને ૫૫.૮૨ની નીચી સપાટીએ પહોંચ્યો હતો.

રૂપિયામાં ઘટાડાની અસર શેરબજાર પર જોવા મળી હતી. સેન્સેક્સ અને નિફ્ટી બન્નેમાં ઘટાડો થયો હતો. રૂપિયામાં ઘટાડાની સ્થિતી વચ્ચે રીઝર્વ બેંકે પહેલાથી જ બેંકોના વાયદા કારોબારમાં પોઝિશન લિમિટને મર્યાદિત કરીને ૧૦ કરોડ ડોલર કરી દીધી છે. રીઝર્વ બેંક દ્વારા તાજેતરમાં અનેક પગલા લેવામાં આવ્યા છે. જો કે રૂપિયામાં ઘટાડાનો દોર જારી રહ્યો છે.

ફંડ(ડિફેન્સ સર્વિસ) પર લાગુ થશે. ઈન્ડિયન ઓર્ડિનન્સ ડિપાર્ટમેન્ટ પ્રોવિડંડ ફંડ, ઈન્ડિયન ઓર્ડિનન્સ ફેક્ટરી વર્ક્સ મેન પ્રોવિડંડ ફંડ, ઇન્ડિયન નેવલ ડોક યાર્ડ વર્કસ પ્રોવિડંડ ફંડ, ડિફેન્સ સર્વિસ ઓફિસર્સ પ્રોવિડંડ ફંડ, આર્મ્ડ ફોર્સ પર્સનલ પ્રોવિડંડ ફંડના લોકોને પણ આ હિલચાલથી લાભ થશે. જીપીએફ ઉપર વ્યાજદર સામાન્યરીતે સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. સરેરાશ સેકન્ડરી માર્કેટના પરિણામોને ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ આ અંગે નિર્ણય લેવામાં આવ્યો છે.

અણ્ણા હજારેની તબિયત બગડી

નાસિક,તા. ૨૩

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેને થાક અને નબળાઈના કારણે આજે બપોરે સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા હતા. તેમની હાલત બિલકુલ સુધારા ઉપર છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ મજબૂત લોકાયુકત માટે સમગ્ર રાજ્યના પ્રવાશી નિકળેલા અણ્ણા હજારે આજે સવારે ધુલે શહેર પહોંચ્યા હતા. અણ્ણાને સાઈબાબા હાર્ટ ઈન્સ્ટીટ્યુટ એન્ડ રિસર્ચ સેન્ટરમાં લઈજવામા આવ્યા હતાજ્યા તબીબો દ્વારા તેમની ચકાસણી કરવામા આવી હતી. ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના નાસિક એકમના વડા પીબી કરંજકરે કહ્યુ હતુ કે થાક અને નબળાઈના કારણે અણ્ણાને નંદરબાર જિલ્લાની યાત્રા રદ કરી દીધી છે. અણ્ણા હજારે બિલકુલ સ્વસ્થ છે ચિંતાની કોઈ બાબત નથી. લોકાયુક્તના મામલે

અણ્ણા હજારે પહેલી મેથી રાજ્યના પ્રવાશે નિકળેલા છે. અણ્ણાને જાન્યુઆરી મહિનામાં એક સપ્તાહ માટે હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યા હતા. આ જ કારણસર અણ્ણા હજારે પાંચ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણી વેળા આ પાંચ રાજ્યોની મુલાકાત લીધી ન હતી. અણ્ણા હજારેના સમર્થકો તેમની તબિયતને લઈને ચિંતિત દેખાઈ રહ્યા છે. અણ્ણા હજારે મજબૂત લોકપાલને લઈને સરકાર ઉપર સતત દબાણ વધારી રહ્યા છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભાજપ કારોબારીમાં હાજર નહીં રહે

કારોબારીમાં ભાવ વધારા, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દે યુપીએને ભીસમાં લેવા નવી વ્યૂહરચના ઘડાશે : યેદીયુરપ્પા ગેરહાજર રહેશે

નવી દિલ્હી, તા.૨૩

ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી અને કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન બીએસ યેદીયુરપ્પાની ગેરહાજરીમાં આવતીકાલથી ભાજપ કારોબારી મહત્વપૂર્ણ બેઠક શરૂ થઈ રહી છે. જેમાં વિવિધ પાસાઓ પર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવશે. કારોબારી બેઠકમાં ત્રાસવાદ, ભાવ વધારા સહિતના તમામ પાસાઓ પર ખાસ ચર્ચા થશે. આગાહી વિધાનસભાની ચૂંટણીના મામલે પણ ચર્ચા કરવામાં આવનાર છે. નવી વ્યુહરચના પર પણ વિચારણા કરાશે. ભાજપની કારોબારીમાં અન્ય અનેક પાસાઓ પર પણ ચર્ચા કરવામાં આવનાર છે. પક્ષ પ્રમુખ નીતિન ગડકરીને બીજી અવધિ માટે પ્રમુખ બનાવવા માટેનો માર્ગ પણ કારોબારી દરમિયાન મોકળો કરવામાં આવશે. પક્ષે કહ્યુ છે કે જેને આમંત્રણ આપવામાં આવ્યુ છે તે તમામ હાજર થઈ રહ્યા છે. જો કે નરેન્દ્ર મોદી હાજરી આપશે કે કેમ તેને લઈને ગાંધીનગરથી કોઈ સત્તાવાર માહિતી મળી નથી પરંતુ



સુત્રોનું કહેવુ છે કે મોદી કારોબારીમાં ઉપસ્થિત રહેનાર નથી. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીના પહેલા ભાજપના ટોચના નેતાઓની આ પ્રથમ બેઠક યોજાઈ રહી છે.

અલ્હાબાદમાં બ્લાસ્ટના કારણે છ લોકોનાં મોત

અલ્હાબાદ,તા.૨૩

ઉત્તર પ્રદેશના અલ્હાબાદના કરેલી વિસ્તારમાં આજે બપોરે થયેલા પ્રચંડ બ્લાસ્ટના કારણે ઓછામાં ઓછા છ લોકોના મોત થયા છે અને અન્ય ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી મોટાભાગના લોકોની હાલત ગંભીર જણાવવામા આવી રહી છે. બ્લાસ્ટના કારણે સમગ્ર ઉત્તર પ્રદેશ હચમચી ઉઠ્યો હતો. માર્યા ગયેલાઓમાં ચાર બાળકો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે. બ્લાસ્ટ થયા બાદ ઉત્તર પ્રદેશમાં હાઈએલર્ટની જાહેરાત કરવામા આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા પણ આ બ્લાસ્ટના સંબંધમાં સરકાર પાસેથી અહેવાલ માંગવામા આવ્યો છે. ઉત્તર પ્રદેશના ટોચના અધિકારીઓની બ્લાસ્ટ થયા બાદ બેઠકોનો દોર શરૂ થયો હતો. આ બ્લાસ્ટ થયા બાદ દેશના અન્ય રાજ્યોમાં પણ સાવચેતીના તમામ પગલા લેવમા આવી રહ્યા છે. કોઈપણ આતંકવાદી સંગઠને આ બ્લાસ્ટની જવાબદારી સ્વીકારી નથી પરંતુ આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદીનનો હાથ આ બ્લાસ્ટમા હોઈ શકે છે. બ્લાસ્ટની જગ્યાએ ઉંડી તપાશ હાથ ધરવામા આવી છે.

અલ્હાબાદના કરેલી વિસ્તારમાં આજે બપોરે આશરે ૪.૦૦ વાગે આ બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટમાં તમામ છ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. આ બ્લાસ્ટ કચરાના ઢગલામાં થયો હતો. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરાઈ હતી. કરેલી વિસ્તારમાં મોટી સંખ્યામા ઝુપડ પટ્ટી વિસ્તાર છે. અને વિસ્તાર યમુના નદીના કિનારા ઉપર સ્થિર છે. અહીંની શેરીઓ પણ ખૂબ જ સંકુચિત છે જેથી બચાવ અને રાહત કામગીરીમાં અડચણો આવી હતી. ઘાયલ થયેલા ૨૦ લોકોને હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા છે. જે પૈકી ૬ની હાલત ગંભીર હોવાનુ જાણવા મળ્યુ છે. બ્લાસ્ટની જગ્યાએ પુરાવા એકત્રિત કરવા તરત જ સંબંધિત નિષ્ણાંતો પહોંચી ગયા હતા. સાક્ષીઓના જણાવ્યા મુજબ આ બોમ્બ કચરા પેટીમા છઉપાવવામ આવ્યો હતો જ્યારે બ્લાસ્ટ થયો હતો ત્યારે બાળકો રમી રહ્યા હતા. બ્લાસ્ટનુ સ્વરૂપ જાણી સકાયુ નથી પરંતુ સ્થાનિક સત્તાવાળાઓ તમામ વાસ્તવિકતાઓ ચકાસી રહ્યા છે. ગૃહ મંત્રાલયના અધિકારીઓ દ્વારા અહેવાલ માંગવામા આવ્યુ છે. કરેલી વિસ્તારમાં મોટી સંખ્યામા મુસ્લિમ સમુદાયના લોકો રહે છે. બલાસ્ટ થયા બાદ માત્ર ઉત્તર પ્રદેશ જ નહી બલ્કે દેશના અન્ય ભાગોમાં પણ સાવચેતીના તમામ પગલા લેવામા આવી રહ્યા છે. મહત્વપૂર્ણ અને ભરચક રહેતી જગ્યો ઉપર સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવામા આવી રહી છે. બ્લાસ્ટના સંબંધમાં ઉત્તર પ્રદેશ પોલીસે કોઈ વાત કરી નથી પરંતુ આ બ્લાસ્ટથી ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવની નવી સરકાર સામે પણ નવા પ્રશ્નો ઉભા થઈ ગયા છે. સુરક્ષા પાસાઓ ઉપર સરકારને હવે ગંભીરતા પૂર્વક ધ્યાન આપવુ પડશે.

જેટ ઍરવેઝમાંથી ૭૨ વિદેશી પાયલોટોની હકાલપટ્ટી કરાઈ

મુંબઈ,તા. ૨૩

દેશની સૌથી મોટી ખાનગી એરલાઈન્સ કંપની જેટ એરવેજે ઉંચા પગાર ધરાવતા ૭૨ વિદેશી પાયલોટોના કોન્ટ્રાક્ટને ખતમ કરવાનો નિર્ણય કર્યો છે. કંપનીએ સ્થાનિક એરલાઈન્સ સેક્ટરની મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને ખર્ચમાં કાપ મુકવાના હેતુસર આ નિર્ણય કર્યો છે. કંપનીએ છેલ્લા થોડાક સપ્તાહમાં કેટલાક વિદેશી પાયલોટોને નોટિસ પણ આપી હતી. કંપનીના સીઈઓ નિકોસ કારદેસીસે કહ્યુ છે કે વિદેશી પાયલોટોની હકાલપટ્ટીના અહેવાલ બિલકુલ યોગ્ય છે. ઘટાડવામા આવેલા મોનસુન સેડ્યુલ અને લોકલ પાયલોટ મળી રહેવાના કારણે આ નિર્ણય કરવામા આવ્યો છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે દર વર્ષની જેમ જ આ વર્ષે પણ અમે સ્થાનિક ઓપરેશનને ગટાડી રહ્યા છે. અમે કો પાયલોટોથી લઈને કેપ્ટન સુધીના ક્વોલીફાઈડ લોકલ પાયલોટો ટ્રેનીંગને ઝડપી બનાવી રહ્યા છે. હાલમાં ક્વોલીફાઈડ લોકલ પાયલોટોની ભરતી કરવામા આવી રહી છે. વિદેશી પાયલોટોની હકાલપટ્ટીનો પ્રથમ મામલો છે. હજુ સુધી લોકલ એરલાઈન્સોએ વિદેશી પાયલોટોને વધારે રાખ્યા હતા. સરકારે પણ તાજેતરમાં આની નોંધ લીધી હતી. નરેશ ગોયલની માલિકીની જેટ એરવેજે વિદેશી પાયલોટોને નોટિસ મોકલીને તેમના અગાઉથી જાણ કરવામા આવી હતી. બજેટ કેરિયર સ્પાઈસ જેટમાં પણ મોટી સંખ્યામા વિદેશી પાયલોટો છે. ભારતીય પાયલોટોની સરખામણીમાં વિદેશી પાયોલોટ જંગી નાણા મેળવે છે. વિજય માલ્યાની માલિકીની કિંગફિશર એરલાઈન્સે ગયા વર્ષે નવેમ્બર બાદથી ઓપરેશનમાં ધરકમ કાપ મુક્યો છે. નવ મહિના અગાઉ ૬૪ વિમાનોની સરખામણીમાં તેના વિમાનોની સંખ્યા ઘટીને ૨૦ થઈ ગઈ છે. કિંગફિશરમાંથી હાલમાં ૩૦૦ પાયલોટો જતા રહ્યા છે.

નિર્મળ બાબાની ધરપકડ સામે મનાઈહુકમ મૂકવાનો આદેશ

નવી દિલ્હી,તા.૨૩

વિવાદાસ્પદ ગોડમેન નિર્મળ બાબાને આજે મોટી રાહત મળી હતી. કારણ કે પટના હાઈકોર્ટે તેમની ધરપકડ ઉપર વચગાળાનો મનાઈ હુકમ મૂકવાનો આદેશ જારી કર્યો હતો. સાથે સાથે આ મામલાની સુનાવણી ૧૮મી જૂન સુધી મોકૂફ કરી દીધી હતી. હાઈકોર્ટે તેમની સામે સ્થાનિક કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા બિન જામીન પાત્ર ધરપકડ વોરંટની કાયદેસરતાને પડકાર ફેંકી નિર્મળ બાબા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનો જવાબ આપતી વેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. આ આદેશ જારી કરતા હાઈકોર્ટે ઠેરવ્યું હતું કે આ કેસમાં યોગ્ય કાયદાકીય પ્રક્રિયા પાળવામાં આવી નથી જેથી ગોડમેનની ધરપકડ ઉપર મનાઈ હુકમ મૂકવામાં આવી



રહ્યો છે.

નિર્મળ બાબા સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કરતા પહેલા નીચલી કોર્ટ દ્વારા ગોડમેન સામે કોઈ સમન્સ જારી કરાયા ન હતા. આ ઉપરાંત કોર્ટની નોટિસ પણ આપવામાં આવી ન હતી. હાઈકોર્ટે ગઈકાલે ચૂકાદો આજની તારીખ સુધી અનામત રાખ્યો હતો. નિર્મળ બાબા ઉર્ફે નિર્મળજીતસિંહ નરુલાએ પટના હાઈકોર્ટમાં અપીલ કરી હતી. અગાઉ બિહારની અરારીયા જિલ્લાની કોર્ટે તેમની સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યુ હતું. રાકેશ કુમાર નામના ફરિયાદી દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ બાદ તેમની સામે ધરપકડ વોરંટ જારી કરાયું હતું. નિર્મળ બાબા તરફથી પટના હાઈકોર્ટમાં તેમના એક સમર્થક વિદ્યાચલ પ્રસાદે અપીલ કરી હતી અને નીચલી કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલી બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

સિયાચીનમાં આર્મીનું હેલિકોપ્ટર તૂટી પડ્યું

નવી દિલ્હી,તા.૨૩

વિશ્વના સૌથી ઉંચા યુદ્ધમેદાન ગણાંતા સિયાચીન ગ્લેશિયરમાં સેનાનું હેલિકોપ્ટર તુટી પડતા આર્મી ઓફિસરનું મોત થયું છે અને અન્ય એકને ઈજા થઈ છે. સેનાએ માહિતી આપતાં કહ્યું છે કે રૂટીન સપ્લાય ઉડાણ દરમિયાન આ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. હેલિકોપ્ટર તુટી પડવાનું કારણ જાણી શકાયું નથી. મળેલી માહિતી મુજબ ૧૧.૪૫ વાગે ઉત્તરીય ગ્લેશિયર વિસ્તારમાં ભીમ પોસ્ટ હેલીપેડ ખાતે બે ઓફિસર પાઈલોટો હેલિકોપ્ટરને ઉતરાણ કરવાના પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે જ આ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું.

માત્ર મનોરંજન નહીં... (પાના નં. ૪ નું ચાલુ)

કર્ણપ્રિય સંગીત અથવા સુનિયોજિત ધ્વનિના તરંગો પણ મનને આનંદથી આંદોલિત કરે છે. કોઇ સુંદર ફૂલની મ્હેક મનને આનંદ પમાડે છે... તો કોઇ પ્રિયજનનો હૂંફાળો સ્પર્શ પણ મનને આનંદની અનુભૂતિ કરાવે છે.

પણ... માણસ પાસે માત્ર મન જ નહીં, હૃદય પણ છે અને આત્મા પણ છે. હૃદય આત્માનું આસન મન કરતાં ઊંચું છે. આનંદ હશે, હૃદય અને આત્મા સાથેનો સંવાદ મન કરતાં ઉચ્ચ પ્રકારનો હશે. એમની સાથેનું અનુસંધાન માનવીને ઉન્નત ગતિ તરફ દોરી જાય છે.

એક સાદી વાત તપાસીએ. એક માણસ પાસે ૩-૪ કલાકનો સમય છે. મન કહેશે - ચાલને થિયેટરમાં! સરસ ફિલમ પડી છે, જોઇ કાઢીએ. પણ જો માણસ મનને નિયંત્રિત કરી લે, સારા-નરસાનો ભેદ સમજાવે તો નવો માર્ગ ખૂલે છે. એ સંજોગોમાં હૃદય કહેશે! અરે! તારો મિત્ર બિમાર પડ્યો છે. એને તારા સહવાસ અને લાગણીની જરૂર છે... સમયનો ઉપયોગ કર! હૃદયની વાત માનનારને અનેરો આનંદ આવશે. ફિલમ જોવા કરતાં મિત્રની પથારી પાસે બેસી અને હૂંફ આપવાની પ્રક્રિયા એ માણસના હૃદયનું રંજન કરશે. તો વળી એનો આત્મા કહેશે - આજે એક સારા સંત પધાર્યા છે. એમની કથાનું શ્રવણ કર. આત્માનું પરમાત્મા સાથે અનુસંધાન કર! ...અને એમ કરવાથી માણસ એના આત્માને આનંદ આપશે.

મનના આનંદ કરતાં હૃદય અને આત્માનો આનંદ ઉચ્ચ પ્રકારનો હોય છે. એ લાંબા સમય સુધી ટકે છે... દીર્ઘકાલીન છે.

મનનો આનંદ વ્યક્તિગત છે, હૃદયનો આનંદ સમષ્ટિગત છે અને આત્માનો આનંદ પરમેષ્ટિગત છે. ત્રણેયનાં લક્ષ્ય જુદાં જુદાં છે... અનુસંધાન જુદાં જુદાં છે. પહેલાંમાં સ્વાર્થ પોષાય છે. બીજામાં પરમાર્થ સધાય છે. અને ત્રીજામાં દિવ્ય પરમાનંદની અનુભૂતિ થાય છે.

જે માણસ મન કરતાં હૃદય અને આત્માના રંજનની ચિંતા વધારે કરે છે એનું મન પણ સ્વસ્થ બને છે. એની પ્રેરણાનું સ્તર દિન પ્રદિનિન ઊંચું ને ઊંચું જ જાય છે.

મનમાં જાગતી જાતજાતની ઇચ્છાઓ પૂર્ણ કરવામાં વિજ્ઞાનને હજી કદાચ સફળતા મળી છે... પણ વ્યક્તિને પૂર્ણ બનાવી દેવામાં તો માત્ર પ્રેમને જ સફળતા મળી છે. અને આ પ્રેમ હૃદય અને આત્માનું તત્ત્વ છે. એની આરાધના આપણે કરીએ.

એર ઇન્ડિયા કટોકટી : આઇપીજી સરકાર સાથે વાતચીત કરવા તૈયાર

નવી દિલ્હી,તા.૨૩

એર ઈન્ડિયાના પાઈલોટોની હડતાળ આજે ૧૬મા દિવસે પણ યથાવત રીતે જારી રહી હતી. બીજી બાજુ ઈન્ડિયન પાઈલોટ્સ ગિલ્ડ (આઈપીજી)એ કહ્યું છે કે જો હકાલપટ્ટી કરવામાં આવેલા ૧૦૧ પાઈલોટોને ફરીથી ફરજ પર લઈ લેવામાં આવશે તો નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીતસિંહ સાથે તરત વાતચીત કરવામાં આવશે. હડતાળનો ઉકેલ લાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. આઈપીજીએ વલણ હળવુ કરતા નવી આશા જાગી છે. આઠમી મેના દિવસે હડતાળ શરૂ કરવામાં આવ્યા બાદ બીજી પત્રકાર પરીષદમાં આપીજીના સંયુક્ત સચીવ તોસીફ મુકાદમે કહ્યું છે કે અમે પ્રધાન સાથે વાતચીત કરવા તૈયાર છે. જો કે તેઓએ કહ્યું છે કે હકાલપટ્ટી કરવામાં આવેલા ૧૦૧ પાઈલોટોને ફરજ પર પરત લઈ લેવા જોઈએ. દરમિયાન



પાઈલોટોની હડતાળ લાંબી ખેચાઈ રહી હોવા છતાં મેનેજમેન્ટે પણ તેમની માંગ સમક્ષ નહીં ઝૂકવાનો સંકેત આપી દીધો છે. એર ઈન્ડિયાના પાયલોટો પ્રત્યે કોઈપણ પ્રકારની દયા દર્શાવવામાં આવી રહી નથી. જેથી આ હડતાળ લાંબી ખેચાઈ રહી છે. ઈન્ડિયન પાયલોટ્સ ગીલ્ડ સાથે સંકળાયેલા ૫૪૮ પાઈલોટો પૈકી પાંચમાં ભાગના પાઈલોટોને પહેલાંથી જ હાંકી કાઢવામાં આવ્યા છે. હવે અન્ય પાઈલોટોને સામૂહિક રીતે દૂર કરવાની હિલચાલ ચાલી રહી છે.

જો પાઈલોટો હજુ પણ હડતાળ છોડીને ફરજ પર પરત હાજર થશે નહીં તો વધુ કઠોર પગલાં લેવામાં આવશે. સામુહિક હકાલપટ્ટીના વિકલ્પ ઉપર પણ ચર્ચા ચાલી રહી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે હડતાળી પાયલોટોને લીધે સતત ૧૬ દિવસથી સેવા ખોરવાઈ ગઈ છે. હડતાળના લીધે પહેલાંથી જ કટોકટીગ્રસ્ત થયેલા એર ઈન્ડિયાને ૨૫૦ કરોડથી વધુનુંનુકસાન થઈ રહ્યુંછે. ઈન્ટરનેશનલ ઓપરેશનને આનશિક રીતે બંધ કરવામાં આવ્યુંછે. એર ઈન્ડિયા ઓછા કર્મચારી હોવા છતાં ૫૦ ટકા ઈન્ટરનેશનલ ઓપરેશનને ઓપરેટ કરવામાં સફળ છે. દિલ્હી હાઈકોર્ટે ૧૭મી મેના દિવસે પાયલોટોને ફરજ પર હાજર થવા અથવા તો તિરસ્કારની કાર્યવાહીનો સામનો કરવા કહ્યું હતું પરંતુ પાયલોટો તેમના વલણ ઉપર મક્કમ બનેલા છે.

ગંગા નદીમાં બસ ખાબકી જતાં ૨૬ લોકોનાં મોત

નવી દિલ્હી,તા. ૨૩

શ્રદ્ધાળુઓથી ભરચક એક બસ ગંગા નદીમાં ખાબકી જતા ઓછામા ઓછા ૨૬ શ્રદ્ધાળુના મોત થયા છે. અને અન્ય ઘણા શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. બનાવની જાણ થયા બાદ પણ ચાર કલાક મોડેથી બચાવ અને રાહત કામગીરી હાથ ધરાઈ શકી. ઉત્તરાખંડમાં મોડી રાત્રે આ બનાવ બન્યો હતો જેથી મૃતદેહોને બહાર કાઢવાની પ્રક્રિયા તરત હાથ ધરી શકાઈ ન હતી. સ્થાનિક તહેરી જિલ્લાના પોલીસ અધિકારીઓએ કહ્યુ છે કે ચાર શ્રદ્ધાળુઓને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ ખાનગી ટુરની આ બસ બદ્રીનાથથી પવિત્ર શહેર ઋષિકેશ તરફ જઈ રહી હતી. આ બસમાં મધ્ય પ્રદેશના મધ્ય વિસ્તારમાં ૪૫ શ્રદ્ધાળુઓ હતા. માર્ગ ઉપર એક ટ્રકને ઓવર ટેક કરવા જતા બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવી દીધો હતો જેથી આ દુર્ઘટના સર્જાઈ હતી. ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણાએ બનાવ અંગે દુખ વ્યક્ત કરીને તપાસનો આદેશ કર્યો છે. મૃતકોના પરિવારને વળતર આપવાની પણ મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે. તેમણે કહ્યુ છે કે મૃતકોના પરિવારને વળતર રૂપે ૧૦૦૦૦૦ રૂપિયા આપવામા આવશે. આ બનાવ બનતાની સાથે જ ચાર ધામની યાત્રાના શ્રદ્ધાળુઓમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. મૃત્યુ પામેલા શ્રદ્ધાળુઓની ઓળખ કરવાના પ્રયાસો હાથ ધરવામા આવી રહ્યા છે. મોડી રાત્રે બનાવ બનાત ચાર કલાક બાદ બચાવ અને રાહત કામગીરી શરૂ કરાતા ખુવારી વધી ગઈ હતી. રાત હોવાના કારણે વહીવટી તંત્રના અધિકારીઓ પણ તરત ઘટના સ્થળે પહોંચી શક્યા ન હતા.